સને-૨૦૧૪-૧૫ ના વર્ષના અંદાજપત્રમાં આયોજન હેઠળ કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ અન્વયેની રાજ્યના એકત્રિત નીધીમાં ફાળવણી અંગેની રાષ્ટ્રિય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ નવી બાબતને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
યાદી નં. બીયુડી/૧૦૨૦૧૪/૩૮૨/ખ-૩
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : /૦૭/૨૦૧૪

**31 JUL 2014**

<u>પ્રસ્તાવના;-</u>

ભારત સરકારના રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ રાજ્ય સરકારને કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓના કાર્યક્રમ પૈકી રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ વિસ્તાર, રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ યોજના-પાણીની ગુણવત્તા માટે ૫ ટકા ભંડોળ,વિગેરે સદર હેઠળ ની યોજનાઓ માટે રાજ્યમાં આવેલ કુલ વસ્તી, અનુ. જનજાતિની વસ્તી, અનુ. જાતિની વસ્તીને પ્રમાણસર તથા રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ પરિયોજના-સહાય, રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ : જળ ગુણવત્તા નિયંત્રણ સદર હેઠળ સંપૂર્ણપણે સંકલિત જોગવાઈ અને ફાળવણી કરવામાં આવે છે, જેમા કેન્દ્ર અને રાજ્ય સરકારનો ૫૦-૫૦ ટકા હિસ્સો હોય છે. જ્યારે રાષ્ટ્રિય ગ્રામીણ પેયજળ પરિયોજના-રણ વિસ્તાર સદરની યોજનાઓ માટે રાજ્યમાં આવેલ રણ વિસ્તારના જીલ્લાઓની કુલ વસ્તી, અનુ. જનજાતિની વસ્તી, અનુ. જાતિની વસ્તીને પ્રમાણસર જોગવાઈ અને ફાળવણી કરવામાં આવે છે, જેમા કેન્દ્ર સરકારનો ૧૦૦% હિસ્સો હોય છે.

નાંણા વિભાગના તારીખ ૮/૫/૨૦૧૪ના પરિપત્ર થી કેન્દ્ર સરકાર દ્વારા સને ૨૦૧૪-૧૫ થી કેન્દ્રીય પુરસ્કૃત યોજનાઓને પુનઃગઠિત કરવામાં આવી છે તેમજ જે કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓમાં ભારત સરકારના હિસ્સાની ફાળવણી સીધી જ જે તે અમલીકરણ સંસ્થાઓને કરવામાં આવતી હતી તે ફાળવણી સને ૨૦૧૪-૧૫ થી રાજયના એકત્રિત નિધિ ખાતે કરવામાં આવશે તથા સને ૨૦૧૪-૧૫ થી તમામ કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ (૧૩ માં નાણાંપંચ અન્વયેની આયોજન બહારની ગ્રાંન્ટ સિવાય) હેઠળ ભારત સરકારના ફાળા માટેની જોગવાઇ આયોજન સદર હેઠળ કરેલ છે.

આ માટે વર્ષ ૨૦૧૪-૧૫ની પાણી પુરવઠા વિભાગની વાર્ષિક વિકાસ યોજનામાં કેન્દ્રીય પુરસ્કૃત યોજનાઓ માટે કુલ રકમ રૂ. ૫૦૧.૨૭૯૩ કરોડની નવી બાબત અંદાજપત્ર પ્રકાશન નં.૧૮ ભાગ-૧ ના અનુભાગ-૧ માં નવી બાબતો (આયોજન) હેઠળ જોગવાઇ થયેલ છે.

યાદી :-

વાર્ષિક વિકાસ યોજના વર્ષ ૨૦૧૪-૧૫ અંતર્ગત રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ ગુજરાત રાજ્ય માટે કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ માટે કુલ રૂ. ૫૦૧.૨૭૯૩ કરોડની ફંડની ફાળવણી સને ૨૦૧૪-૧૫ થી રાજ્યના એકત્રિત નિધિ ખાતે કરવા બાબતની નવી બાબતને નીચેની વિગતે તથા શરતોને આધીન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

| અનુ. | યોજનાનું નામ | માંગણી ક્રમાંક | મુખ્ય સદર | પેટા સદર | થયેલ જોગવાઈ રૂ. લાખમાં |
|---|---|---|---|---|---|
| ૧ | રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ વિસ્તાર | | | | |
| | જનરલ | ૬૭ | ૪૨૧૫ | ૦૧-૮૦૦-૦૧ | ૨૧૬૮૮.૦૦ |
| | અનુસુચિત જનજાતિ | ૯૬ | ૪૨૧૫ | ૦૧-૭૯૬-૦૧ | ૭૨૫૨.૩૬ |
| | અનુસુચિત જાતિ | ૯૫ | ૪૨૧૫ | ૦૧-૧૦૨-૦૨ | ૨૪૫૫.૧૩ |
| ૨ | રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ પરિયોજના-રણ વિકાસ કાર્યક્રમ | | | | |
| | જનરલ | ૬૭ | ૪૨૧૫ | ૦૧-૧૦૨-૨૦ | ૧૦૦૦૫.૮૫ |
| | અનુસુચિત જનજાતિ | ૯૬ | ૪૨૧૫ | ૦૧-૭૯૬-૦૬ | ૩૩૪૫.૯૧ |
| | અનુસુચિત જાતિ | ૯૫ | ૪૨૧૫ | ૦૧-૧૦૨-૦૧ | ૧૧૩૨.૬૮ |
| ૩ | રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ યોજના-પાણીની ગુણવત્તા માટે ૫ ટકા ભંડોળ | | | | |
| | જનરલ | ૬૭ | ૪૨૧૫ | ૦૧-૮૦૦-૦૨ | ૧૯૯.૬૪ |
| | અનુસુચિત જનજાતિ | ૯૬ | ૪૨૧૫ | ૦૧-૭૯૬-૦૭ | ૬૬.૭૬ |
| | અનુસુચિત જાતિ | ૯૫ | ૪૨૧૫ | ૦૧-૮૦૦-૦૧ | ૨૨.૬૦ |
| ૪ | રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ પરિયોજના-સહાય | ૬૭ | ૪૨૧૫ | ૦૧-૮૦૦-૦૩ | ૨૪૭૪.૦૦ |
| ૫ | રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ , જળ ગુણવત્તા નિયંત્રણ અને દેખરેખ | ૬૭ | ૪૨૧૫ | ૦૧-૮૦૦-૦૪ | ૧૪૮૫.૦૦ |
| | | | | કુલ | ૫૦૧૨૭.૯૩ |

શરતો :-

૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાંણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજ પત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાંણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

૭) પ્રવર્તમાન યોજનાના ધારાધોરણ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

આ હુકમો સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તારીખ ૨૩/૭/૨૦૧૪ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(કુસુમ સંભવાણી)
ઉપસચિવ (પા.પુ.)

નકલ રવાનાઃ-

૧. માન.મંત્રીશ્રી (નાણાં) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૨. માન.મંત્રીશ્રી (પા.પુ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૩. માન.રા.ક.મંત્રીશ્રી (પા.પુ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૪. અધિક મુખ્ય સચિવશ્રી (નાણાં), ના રહસ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૫. અગ્ર સચિવશ્રી (ખર્ચ) ના રહસ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૬. અગ્ર સચિવશ્રી (આ.બા.) ના રહસ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૭. અગ્ર સચિવશ્રી (પા.પુ.) ના રહસ્ય સચિવશ્રી, ન.જ.સં.પા.પુ અને ક.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૮. નાણાં સલાહકારશ્રી (જ.સં.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૯. સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
૧૦. મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વોટર એન્ડ સેનીટેશન ઓર્ગેનાઇઝેશન મેનેજમેન્ટ, ગાંધીનગર.
૧૧. મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રકચર લી.ગાંધીનગર.
૧૨. એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
૧૩. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
૧૪. જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
૧૫. સેકશન અધિકારીશ્રી (બજેટ), ન.જ.સં.પા.પુ અને ક.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૬. સીસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર. (વેબ સાઇટ પર મુકવા સારૂ.)
૧૭. સીલેકટ ફાઇલ.